| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૧૯/૦૪/૨૦૧૯ |
| દાખલ તારીખ | : | ૧૯/૦૪/૨૦૧૯ |
| ફેંસલ તારીખ | : | ૦૧/૦૧/૨૦૨૫ |
| અવધી : વર્ષ માસ દિવસ | | |

**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં. ૩૪૩૯૩/૨૦૧૯**
**આંક–**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધ:–**

આરોપી : પ્રતિક ઉર્ફે પિન્ટુ પ્રફુલ્લભાઇ ઠકકર
રહે. ખોખરા, અમદાવાદ.

ગુન્હો : ઈ.પી.કો.ક– ૩૨૬, ૩૨૪, ૧૧૪ મુજબ ગુનાના કામે આંક–૦૧ અન્વયે પ્રકરણ ૨૫ કલમ ૩૨૯ સીઆરપીસી અન્વયે હુકમ

(૧) ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, ગઈ તા.૨૦.૦૧.૨૦૧૯ ના રોજ કલાક ૧૫.૧૫ વાગે ફરીયાદીને મોબાઇલ ફોન અપાવેલ તે બાબતે ઉગ્ર બોલાચાલી આરોપી નં.૧ (પ્રતિક) ઉશ્કેરાઇ જઇ તિક્ષ હથિયાર ફરીયાદીના હાથ તથા જમમી છાતીના ભાગે ઈજા કરી ઈ.પી.કો.ક– ૩૨૬, ૩૨૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ કરતાં આરોપીઓ વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

સદર કામે આરોપી સામે પ્રોસેસ બજયેથી આરોપી સામેનો કેસ કાઢી નાખવા માટે ડિસ્ચાર્જ અરજી તથા કલમ ૨૨૭ તથા ૨૩૯ તથા પ્રકરણ ૨૫ ના કલમ ૩૨૮ તથા ૩૨૯ ધ્યાને લેતા આંક–૦૪ થી આરોપી નં.૧ નુ મેડીકલ સર્ટી. મેન્ટલ હેલ્થ હોસ્પિટલનુ રજુ કરેલ છે તે જોતા આરોપીને માનસીક સ્થિતી સ્થિર ન હોવાનુ જણાય છે અને સદરહુ મેડીકલ બોર્ડનુ સર્ટી. ન માનવાને કોઇ કારણ નથી વધુમા સીઆરપીસીની કલમ ૩૨૮ આરોપી પાગલ હોય ત્યારે કાર્યરીતી અને કલમ ૩૩૦ અસ્થિર મગજની વ્યકિતને મુકત કરવા બાબતેની જોગવાઇ ધ્યાને લેતા હાલના આરોપી નં.૧ નાએ ઈજા પહોચાડેલ હોય તેવા સંજોગોમા આરોપી નં.૧ સામે ગુનો બનતો હોય અન્ય આરોપીની હાજરી રેકર્ડ ઉપર આવતી ન હોય અને આરોપી નં.૧ સામે કલમ ૩૩૦ મુજબ કાર્યવાહી રોકવા પાત્ર થતી હોય તેવા સંજોગોમા અન્ય આરોપી સામે પણ કેસ બનતો ન હોય તહોમત મુકી શકાય તેમ નથી. તેવા સંજોગોમા કલમ ૩૩૦ ની

જોગવાઈઓ ધ્યાને લઈ હાલ આરોપી અસ્થિર મગજના હોય કેસ ચલાવવી શકાય ન હોય કેસના આગળના પ્રોસેડીંગ રોકી કેસ બંધ કરવામા આવે છે.

નામદાર સુપ્રીમ કોર્ટે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીંધીયા વિરુધ્ધ શંભાજીરાવ સી.અન્જરેના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ માં ઠરાવેલ છે કે It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. ઉપરોકત ચુકાદો એ.આઈ.આર.૨૦૧૨ સુ.કો.૪૯૯ શ્રીજી ઉર્ફે પપ્પુ અને બીજા વિ.રાધીકા અને બીજામાં રીફર કરવામાં આવેલ છે. આમ, સદર ચુકાદો વંચાણે લેતા તેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઉચિત કીસ્સામાં કાર્યવાહીમાં આગળ વધવાનુ યોગ્ય ન જણાય તો ફરિયાદ કવોશ કરવા સબંધેની ચર્ચા કરેલ છે. વધુમાં નામદાર એપેલેટ કોર્ટની વખતો વખતની સ્પીડી ટ્રાયલ ચલાવવાની ગાઈડ લાઈન ધ્યાને લેતા જયારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવા કોઈ પણ ચાન્સ રહેલ ન હોઈ કે શકયતા રહેલ ન હોય તો તેવી કાર્યવાહી આગળ ચલાવવી તે અદાલતના પ્રોસેસ ના દુરઉપયોગ સમાન ગણાશે. જેથી ફરિયાદ પક્ષનો વધુ પુરાવો નોંધવામાં આવેલ નથી. વધુમાં સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગો મા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ.દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

તમામ સંજોગો ધ્યાને લેતા આરોપી સામેનો કેસ આગળની કાર્યવાહી ન કરતા બંધ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૦, અમદાવાદ
UI Code No.GJ00936

તા. ૦૧/૦૧/૨૦૨૫
અમદાવાદ